ગામનો બિનસુરક્ષિત કૂવો બન્યો જીવલેણ

## ઝરીબુઝર્ગમાં ખુલ્લા કૂવામાં પડતા ભાઈ-બહેનના મોત, પંથકમાં શોક

કરુણ ઘટનાને પગલે સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ



(પ્રતિનિધિ) ગરબાડા, તા.24

ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામના આંબલી ફળિયામાં બનેલી હૃદયવિદારક ઘટનાએ સમગ્ર પંથકને શોકમાં ગરકાવ કરી દીધો છે. બિનસુરક્ષિત ખુલ્લા કૂવામાં પડવાથી ભાઈ-બહેનના કરુણ મોત થતા ગામમાં માતમ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આંબલી ફળિયામાં રહેતા ગોવિંદભાઈ ગણાવાના બે માસૂમ સંતાનો – ૩ વર્ષીય આરાધના ગણાવા અને ૫ વર્ષીય રોનક ગણાવા – ગતરોજ સાંજના સમયે અચાનક ગુમ થઈ ગયા હતા. બાળકો દેખાયા નહીં જેથી પરિવારજનો દ્વારા આસપાસના ખેતરો, પડોશ અને સમગ્ર ફળિયામાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. છતાં કોઈ પત્તો ન લાગતા અંતે ગરબાડા પોલીસને જાણ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન પરિવારના રહેઠાણ પાછળ આવેલા ખેતરો પાસેના ખુલ્લા અને બિનસુરક્ષિત કૂવામાં ૩ વર્ષીય આરાધનાનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી લાશ બહાર કાઢી કાર્યવાહી શરૂ કરી હતી.

ત્યારબાદ કૂવામાં મશીન દ્વારા પાણી કાઢી સઘન તપાસ કરવામાં આવતા ૫ વર્ષીય રોનકનો મૃતદેહ પણ કૂવામાંથી મળી આવ્યો હતો. આ કરુણ દૃશ્ય જોઈ સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી અને પરિવાર પર જાણે આકાશ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

બંને બાળકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે નવાફળિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બિનસુરક્ષિત કૂવાઓ સામે ફરી સવાલ

આ ઘટનાએ ફરી એક વખત ખુલ્લા અને બિનસુરક્ષિત કૂવાઓ સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં આવા કૂવાઓ પર સુરક્ષા વ્યવસ્થા ન હોવાને કારણે માસૂમ જીવ ગુમાવવાની ઘટનાઓ સતત વધી રહી છે. સ્થાનિકો દ્વારા તંત્ર પાસે આવા કૂવાઓને તાત્કાલિક ઢાંકવા અને સુરક્ષિત કરવા માંગ ઉઠી છે.

વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી

## ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ખાતે હાલોલના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી તાલીમ

210 જેટલા ખેડૂતો માટે પાક નિદર્શન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) હાલોલ, તા.24

કુલપતિ દ્વારા શ્રેષ્ઠ ડેમોન્સ્ટ્રેશન ફાર્મ ધરાવતા ખેડૂત માટે એવોર્ડની જાહેરાત કરવામાં આવી પાવાગઢ વિસ્તાર ખેડૂત ઉત્પાદક સંઘ (FPO) ના સહયોગથી ખેડૂતોને અપાયું વૈજ્ઞાનિક અને પ્રાયોગિક માર્ગદર્શન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ખાતે કુલપતિના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીના વ્યાપક પ્રસાર માટે એક વિશેષ "પ્રાકૃતિક ખેતી પાક નિદર્શન અને એક દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પાવાગઢ વિસ્તાર ખેડૂત ઉત્પાદક સંઘ લી. ના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં હાલોલ તાલુકાના અંદાજે ૨૧૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રીએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં જમીનની ફળદ્રુપતા જાળવવા અને રસાયણમુક્ત શુદ્ધ આહાર મેળવવા માટે પ્રાકૃતિક ખેતી એકમાત્ર વિકલ્પ છે. તેમણે પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદન ખર્ચમાં થતા ઘટાડા અને તેનાથી થતા સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ પર ભાર મૂક્યો હતો. વિશેષ પ્રોત્સાહન રૂપે, તેમણે પ્રાકૃતિક ખેતી આધારિત શ્રેષ્ઠ ડેમોન્સ્ટ્રેશન ફાર્મ વિકસાવનાર ખેડૂતને એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. રશ્મિકાન્ત ગુર્જર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી. તેમણે જમીનનું સ્વાસ્થ્ય સુધારવા, ઓછા ખર્ચે વધુ આવક મેળવવા અને ખેતીને આત્મનિર્ભર બનાવવાની ચાવી આપી હતી. કાર્યક્રમ દરમિયાન મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક કુ. રવિના અમીપરા દ્વારા પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને બિયારણની પસંદગી, વાવણી પૂર્વે બીજને પટ આપવાની પદ્ધતિ (બીજ સંસ્કાર), જમીનની યોગ્ય તૈયારી અને પ્રાકૃતિક બાયોઈનપુટ્સના અસરકારક ઉપયોગ વિશે પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.

અવાજ નિયંત્રણ, બોર્ડ પરીક્ષા અને જાહેરનામાના અમલ અંગે પોલીસની કડક સૂચનાઓ

## રણધિકપુરમાં ડીજે સંચાલકોની બેઠક, અવાજ અને બેઝ લેવલ માપમાં રાખવા પડશે



(પ્રતિનિધિ) રણધિકપુર, તા.24

રણધિકપુર પોલીસ સ્ટેશન ખાતે રણધિકપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ડીજે સંચાલકોની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ડીજેના અવાજ અને બેઝ લેવલ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ નિયંત્રણમાં રાખવા અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું કે કોઈપણ ધાર્મિક, સામાજિક કે રાજકીય લાગણીઓને ઠેસ પહોંચે તેવા ગીતો વગાડવામાં નહીં આવે. સાથે જ આગામી તા. 26/02/2026 થી SSC અને HSC બોર્ડની પરીક્ષાઓ શરૂ થતી હોવાથી, વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ન પડે તે માટે રહેણાંક વિસ્તારો તેમજ શાળાઓની આસપાસ ડીજે વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવા અંગે કડક સૂચના આપવામાં આવી.આ ઉપરાંત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા તમામ જાહેરનામાનો કડક અમલ કરવા, તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન કરીને પોલીસને પૂરતો સહકાર આપવા માટે ડીજે સંચાલકોને સૂચવવામાં આવ્યું. આ બેઠકમાં અંદાજે 30 થી 35 જેટલા ડીજે સંચાલકો હાજર રહ્યા હતા અને પોલીસની સૂચનાઓનું પાલન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## સમસ્ત વૈષ્ણવ પરિવાર હાલોલ તથા શાંતિગ્રામ પરિવાર દ્વારા હોળી રસિયા ફૂલ ફાગ ઉત્સવ



(પ્રતિનિધિ) હાલોલ, તા.24

હાલોલ નગરના ગોધરા રોડ ખાતે આવેલ મેઘદૂત સોસાયટી ખાતે તા.23 ફેબ્રુઆરી સોમવારના રોજ સમસ્ત વૈષ્ણવ પરિવાર હાલોલ તથા શાંતિગ્રામ પરિવાર દ્વારા હોળી રસિયા ફુલ ફાગ ઉત્સવ ઉજવાયો હતો.જેમાં વિશ્વ પ્રસિદ્ધ શ્રી દ્વારકાધીશ મંદિર, કંકરોલીના વર્તમાન વલ્લભાચાર્યજીના તુતિય પીઠના પ્રબુદ્ધ આચાર્ય અને ગાદીપતિ વાગીશકુમાર મહારાજજી,વલ્લભાચાર્યજીના તુતિય પીઠના યુવરાજવેદાંતકુમાર મહોદયની ઉપસ્થિટીમા ફુલ ફાગ હોળી રશિયાનો મહોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ ગાયક કલાકાર વ્રજ રસિક ભાવેશભાઈ કીર્તનિયા ધામ પેઠા ગોવર્ધન ગિરિરાજીના સુમધુર કંઠે રસીયા નુ ગાન કરવામાં આવ્યુ હતુ.જ્યારે શાંતિગ્રામ પરિવાર દ્વારા હાલોલના આંગણે ખૂબજ ભવ્ય રીતે સુંદર રસિયાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હાલોલ તેમજ આજબાજુના ગામોના ધર્મપ્રેમી વૈષ્ણવોએ રસિયા ગાનનો લાભ લીધો હતો.

તંત્રની ઘોર બેદરકારી સામે આવી : લોકોમાં રોષની લાગણી

## હાલોલ સ્ટેશન રોડ પર સાંઈબાબા મંદિર પાસે ખોદેલા ખાડામાં ટ્રક ફસાઈ



(પ્રતિનિધિ) હાલોલ, તા.24

હાલોલ શહેરના સ્ટેશન રોડ પર સાંઈબાબા મંદિર પાસે વહીવટી તંત્રની બેદરકારીના કારણે વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી છે. મંદિરના પાછળના ભાગમાં અગાઉ કોઈ કામ અર્થે તંત્ર દ્વારા ખોદવામાં આવેલો મોટો ખાડો યોગ્ય રીતે પુરવામાં ન આવતાં આજે મંગળવારના રોજ એક લોડીંગ ટ્રક ખાડામાં ફસાઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ, સ્ટેશન રોડ પરથી પસાર થતી ટ્રક ટર્ન લેતી વખતે અચાનક આ ખોદેલા ખાડામાં ફસાઈ જતાં ટ્રક ચાલકને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. થોડા સમય પહેલા ખોદવામાં આવેલા આ ખાડાને સરખા પ્રમાણમાં પુરવામાં ન આવતાં આ ઘટના બની હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક નગરજનો તથા વાહન ચાલકોમાં રોષ જોવા મળ્યો હતો. તેમણે વહીવટી તંત્ર પાસે માંગ કરી છે કે શહેરના રસ્તાઓ પર ખોદવામાં આવેલા તમામ ખાડાઓને તાત્કાલિક અને યોગ્ય રીતે પુરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય નહીં. વ્યસ્ત માર્ગ પર આવી બેદરકારી કોઈના જીવ માટે જોખમરૂપ બની શકે છે. તંત્ર દ્વારા વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે તેવી નગરજનોની ઉગ્ર માંગ છે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે બેઠકનુ આયોજન કરાયું

## 'ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-2024' માં સુધારા સંદર્ભેની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) ગોધરા, તા.24

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે તા.૨૪/૦૨/૨૦૨૬ - મંગળવારના રોજ 'ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪'માં સુધારા અને અસરકારક અમલીકરણ માટે જરૂરી સૂચનો સંદર્ભે હિતધારકો સાથે એક બેઠકનું આયોજન યુનિના કુલપતિ પ્રો. હરિભાઈ કાતરીયાના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવેલ હતું.

આ બેઠકમાં ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ માં સુધારા અને અસરકારક અમલીકરણ માટે કમિટીને સુચનો મળી રહે તે માટે KCG ના પ્રતિનિધિ તરીકે ગુજરાત રાજ્યમાં NEP-2020ના માપદંડો અનુસાર પબ્લિક યુનિવર્સિટીઓમાં કાનૂની અને શૈક્ષણિક સુધારાઓના સુવ્યસ્થિત, ગહન અને અસરકારક અમલ માટે એક ઉચ્ચ સ્તરીય Public Universities Statute Advisory Committee ની રચના કરવામાં આવેલ છે. ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪માં સુધારા અને અસરકારક અમલીકરણ માટે કમિટીને સુચનો મળી રહે તે માટે KCGના પ્રતિનિધિ તરીકે ડૉ. કેતન સી. દેસાઈ હાજર રહ્યા હતા. આ બેઠકમાં કુલપતિ પ્રો. હરિભાઈ કાતરીયાએ નેશનલ એજ્યુકેશન પોલીસી, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી અને નિયમો બાબતે તથા સ્ટેચ્યુટની અન્ય બાબતો વિષે વિષદ ચર્ચા કરી હતી અને આ પ્રકારની કમિટીની રચના કરવા બદલ રાજ્ય સરકારનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

## નગરાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે CIN સંસ્થા વડોદરા દ્વારા સગર્ભા માતાઓની તપાસ



(પ્રતિનિધિ) દાહોદ, તા.24

આજ રોજ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના નગરાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વડોદરાની CIN સંસ્થાના સહયોગથી નિષ્ણાત ગાયનોકોલોજિસ્ટ તબીબ દ્વારા આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન 40થી વધુ સગર્ભા માતાઓની ગર્ભ તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત કિશોરીઓની પણ તપાસ કરી તેમને જરૂરી આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું તેમજ જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન તમામ લાભાર્થીઓની હિમોગ્લોબિન તપાસ પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાયનોકોલોજિસ્ટ તબીબ, નગરાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, આરોગ્ય સ્ટાફ, સગર્ભા માતાઓ તથા કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાલોલ તાલુકાના મલાવ ગામે નજીવી બાબતે મારામારી

## કાલોલ પોલીસે 10 જેટલા ઈસમો સામે મારામારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

કાલોલ તાલુકાના મલાવ ગામે ફરીયાદી મહેન્દ્રકુમાર બાબુભાઈ પરમાર ના કાકાના છોકરા હિતેશભાઈ ને ફળીયાના માણસો વિશે કેમ ખોટી ખોટી વાતો કરે છે તેમ કહી આરોપી અક્ષિતભાઈ ભગવાનભાઈ પરમાર એ તેઓના હાથમાં પહેરેલ કડું ફરિયાદી ના કાકાના છોકરા હિતેશભાઈને માથાના ભાગે મારી દેતા ચામડી ફાટી લોહી નીકળી ગયુ હતું તથા અન્ય ચાર આરોપી ઓએ હિતેશભાઈને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી મા બેન સમાણી ગંદી ગાળો બોલી હવે પછી અમારા ફળીયાના કોઈ માણસનું નામ લીધુ છે તો જાનથી મારી નાખીશું તેવી મારી નાખવાની ધમકીઓ આપી હતી અક્ષિતભાઈ ભગવાનભાઈ પરમાર નાએ તેઓના હાથમાં પહેરેલ કડું હિતેશભાઈને માથાના ભાગે મારી દેતા ચામડી ફાટી લોહી નીકળી ગયેલ અને શરીરે ગડદા પાટુનો માર મારતા ૧૦૮ મોબાઈલ બોલાવી મલાવ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો અને મલાવ સરકારી દવાખાનામાં ફરજ પરના ડોક્ટરે પ્રાથમિક દવા સારવાર કરી વધુ દવા સારવાર માટે ગોધરા સીવીલ હોસ્પીટલમા રીફર કરવામાં આવ્યો હતો બીજી તરફ આશીષકુમાર ભગવાનભાઈ પરમાર દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ ફરીયાદી રસ્તે ચાલતા ચાલતા જતા હતા તે વખતે આરોપી ઓએ ફરીયાદીને ઈશારો કરી બોલાવી તું કેમ સાંજના સમયે અમારા ફળીયા માં આજુબાજુ આંટા ફેરા મારે છે તેમ કહી મા બેન સમાણી ગાળો બોલવા લાગેલ જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તુ શુ ઉખાડી લેવાનો છે તેમ કહી ફરીયાદી સાથે ગાળાગાળી કરી હતી.અને તમામ આરોપીઓએ ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ પાછળથી અક્ષયકુમાર નાઓ બાઈક લઈને આવી ફરીયાદીને અમારા ફળીયાના કોઈનું નામ લીધુ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી એકબીજાની મદદગારી ગુન્હો કરતા કાલોલ પોલીસ મથકે સામસામી બે ફરિયાદ નોંધી કુલ ૧૦ વ્યક્તિ ઓ સામે ફરિયાદ નોંધી હતી.

## પંચમહાલ જિલ્લા મહિલા મોરચા દ્વારા રાહુલ ગાંધી વિરુદ્ધ ધરણાનું આયોજન




(પ્રતિનિધિ) કાલોલ, તા.24

દિલ્હી ખાતે આયોજિત AI summit માં કોંગ્રેસ યુથ તેમજ રાહુલ ગાંધી દ્વારા દેશને હાસ્યસ્પદ કહી ને દેશ વિરોધી માનસિકતા ફરીથી સાબિત કરી છે જેના વિરોધમાં વિરોધ પ્રદર્શન ના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી પંચમહાલ જિલ્લા મહિલા મોરચા દ્વારા ધરણા નું આયોજન કરવામાં આવ્યુ જેમાં ભારતીય જનતા પાર્ટી પંચમહાલ જિલ્લા મહિલા મોરચા ના પ્રમુખ શેફાલી બેન ઉપાધ્યાય મોરચાના જિલ્લાના મહામંત્રી ભારતીબેન પટેલ ભારતીય જનતા પાર્ટી જિલ્લા ઉપપ્રમુખ રશ્મિકાબેન પટેલ કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ સવિતાબેન જિલ્લા પંચાયતના સદસ્ય તાલુકા પંચાયતના સદસ્ય નગરપાલિકાના સદસ્ય બેનો જિલ્લા અને સંગઠનના તમામ જિલ્લા અને મંડળ ની મહિલા મોરચાની બહેનો ચૂંટાયેલી બહેનો તથા સંગઠનના નગર/તાલુકા ના મંડળ પ્રમુખ મહામંત્રી તમામ હોદેદાર કાર્યકર્તા બહેનોને સહિત ખૂબ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા

## દાહોદ શહેરમાં મુવાલિયા ક્રોસિંગ વિસ્તારમાં કલર કામ કરતા બે મજૂરોના વીજકરંટથી મોત



(પ્રતિનિધિ) દાહોદ, તા.24

દાહોદ શહેરમાં મુવાલિયા ક્રોસિંગ વિસ્તારમાં કલર કામ કરવા આવેલા પર પ્રાંતિય બે મજૂરોને હોર્ડિંગ હટાવતા ઘડીએ વીજકરંટ લાગતા બે પૈકી એક યુવકનું મોત નીપજ્યાનું જ્યારે અન્ય એક યુવક સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ નજીકના મુવાલિયા ક્રોસિંગ વિસ્તારમાં ચાની નિર્માણાધીન દુકાનમાં કલર કામ કરતા ઉત્તર પ્રદેશના બે યુવાનો મનમોહક પાઠક તેમજ આકાશ સમની રહેવાસી ધનની બજાર ગોરખપુર ઉત્તર પ્રદેશનાઓ આજે સવારે હોર્ડિંગ ખસેડવા જતા ઉપરથી પસાર થતી 11 કેવીના વીજ લાઈનના સંપર્કમાં આવી જતા કરંટ લાગી ગયો હતો. જેના પગલે આ બંને ઈજાગ્રસ્તને ૧૦૮ ની મદદથી સારવાર અર્થે દવાખાને લઈ જવાયા હતા ત્યાં ફરજ પરના તબીબે બે પૈકી મનમોહન પાઠકને મૃત જાહેર કર્યો હતો જ્યારે બીજો યુવક હાલમાં સારવાર હેઠળ હોવાની માહિતી મળી છે આ ઘટના બનતા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલમાં ઝળક્યા

દાહોદ : કુલપતિ પ્રો. હરિભાઈ કાતરીયા ના માર્ગદર્શન હેઠળ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલના કુલ ૩૯ વિદ્યાર્થીઓએ તા.૧૧/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ દરમ્યાન વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલ (પ્રશ્ચિમાંચલ) માં ભાગ લીધો હતો. વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલમાં યુનિવર્સિટીની વિવિધ કૉલેજના તથા ભવનોના કુલ-૩૯ વિદ્યાર્થીઓએ જુદી-જુદી ૧૯ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ફેસ્ટિવલમાં ફાઈન આર્ટ્સ ઈવેન્ટમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી હતી. શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટસ કોલેજ, મુનપુરના વિદ્યાર્થી વિક્રમ ખાંટએ કોલાઝ (Collage) સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા તમામ ઈશમોને જણાવવાનું કે મહુધા તાલુકાના ધંધોડી ગ્રામ પંચાયત હસ્તકના સુકા નમી પડી ગયેલ ઝાડ નંગ.૧૭ ની જાહેર હરાજી તા. ૨૭/૦૨/૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે ધંધોડી ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામાં આવેલ છે.રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા સમયસર સ્થળ પર હાજર રહેવું.

નોંધ : હરાજીમાં ભાગ લેવા રૂા.૫૦૦૦/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

લિ. ધંધોડી ગ્રામ પંચાયત
સરપંચ શ્રી સંજયભાઈ.એચ.પટેલ
તલાટી કમ મંત્રી શ્રી પ્રભાતસિંહ.કે.રાઠોડ
મુ.પો: ધંધોડી, તા:મહુધા, જિ: ખેડા